ક્રીમીનલ કેસ નં.૮૮૩૨/૨૦૧૯

<u>આંક–૧ હેઠળ હુકમ</u>

આ કામે ફરિયાદ પક્ષની હકીકત મુજબ તા.૧–૪–૨૦૧૨ ના રોજ સાંજના ૭–૩૦ વાગ્યે થી ૨૦–૪૫ દરમ્યાન ક્રોસ વર્લ્ડ ગલીમાંથી ફરિયાદીની મારૂતિ ફ્રન્ટી કાર નં.જી.જે.૩–ડી.ડી.૭૪૮ આરોપી મૂલસીંગ રામસીંગ ગોડ નાંઓએ ચોરી કરેલ અને તે કાર આરોપી મોહમદ યાકૂબ અબ્દુલ રઝાક કુરેશીને વેચાણ આપેલ. આ કામે મુદ્દામાલની રીકવરી થયેલ. પરંતુ માત્ર આરોપીની કબુલાતના આધારે ચોરી કરનાર આરોપી મૂલસીંગ રામસીંગ તથા ચોરીનો મુદ્દામાલ રાખનાર મોહમદ યાકૂબ સામે ઈ.પી.કો. કલમ–૩૭૯, ૪૧૧, ૪૧૩, ૧૧૪ મુજબની ચાર્જશીટ દાખલ કરવામાં આવેલી. જેમાં આરોપી મૂલસીંગ રામસીંગ ગોડ ઘણાં સમયથી મળી આવતા ન હોવી આરોપી મોહમદ યાકૂબ કુરેશી સામે ઈ.પી.કો.કલમ–૪૧૩ નું તહોમત હોય, જે સેશન્સ ટ્રાયેબલ ગુનો હોવાથી તે કેસ આરોપી મોહમદ યાકૂબ કુરેશી પુરતો કે જેને ક્રિ.કે.નં.૯૮૦૦/૧૨ આપવામાં આવેલો તે કમીટ કરવામાં આવેલો અને આરોપી મૂલસીંગ રામસીંગ ગોડ મળી આવતા ન હોય તેના પૂરતી સેપરેટ ચાર્જશીટ કરવાનો હુકમ કરવામાં આવેલો હતો. જે અન્વયે હાલની સેપરેટ ચાર્જશીટ સેટેલાઈટ પોલીસ ધ્વારા કરવામાં આવેલી છે. હાલ આરોપી મૂલસીંગ રામસીંગ ગોડ મળી આવતો નથી. તેની સામે ફરિયાદીની કાર ચોરવાનો આક્ષેપ છે અને તે કાર મોહમદ યાકૂબ કુરેશીને વેચાણ આપેલ હોય આરોપી મોહમદ યાકૂબ કુરેશી સામે ચોરીનો માલ વારંવાર રાખવા અંગે ઈ.પી.કો. કલમ–૪૧૩ નો આક્ષેપ છે. આમ, આરોપી મૂલસીંગ રામસીંગ ગોડ સામે ચોરીનો આક્ષેપ છે, તેણે ચોરીની ગાડીઓ વારંવાર રાખેલ હોય તેવો આક્ષેપ નથી અને જેની સામે આઈ.પી.સી. કલમ–૪૧૩ નો આક્ષેપ છે તે આરોપી પૂરતો કેસ કમીટ કરવામાં આવે છે. જેથી હાલ આરોપી મૂલસીંગ રામસીંગ ગોડ સામે ઈ.પી.કો.કલમ–૩૭૯, ૧૧૪ નો આક્ષેપ હોવાથી અને આ કામે ફરિયાદી રાજેશ ગીરધરભાઈ ભટ્ટનાં ધ્વારા આંક–૪ થી સમાધાન પુરશીશ રજૂ કરેલ છે. જેથી

ઈ.પી.કો.કલમ–૩૭૯ નો ગુનો સમાધાનપાત્ર હોય, આરોપી મૂલસીંગ રામસીંગ ગોડ સામે સમાધાન પુરશીશ ગ્રાહય રાખી તેને સી.આર.પી.સી. કલમ–૩૨૦ મુજબ સમાધાન સ્વીકારી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૧ માહે ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ જાહેર કર્યો.

તા.૧૧–૧૨–૨૦૨૧

( વનરાજસિંહ આપાભાઈ ધાધલ )
કોડ નં. જી.જે.૦૦૮૯૧
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.